






પેપર ફૂટે, માર્ક્સ વધે એવા રસ્તા બતાવો!
ને સુવિધા વગર ફી વધારવા રસ્તા બતાવો!
બતાવો ઉસ્તાદ અમને શ્રી આદેશ પાલ જેવા -
છેડછાડ, પ્રેમપત્રો લખવાના રસ્તા બતાવો!
(શિક્ષણમાં MOU)

ગયું છે ખાડે!
બહાર કાઢવાના -
એમોયુ કરો!

વાવે કરોડો,
એમોયુ ઉત્સવમાં -
ઉગે ન એકે..
(વૃક્ષારોપણ જેવું..)




## ચિંતન

**પરાધીનં વૃથા જન્મ, પરસ્ત્રીષુ વૃથા સુખમ્ । પરગેહે વૃથા લક્ષ્મીર્વિદ્યા યા પુસ્તકે વૃથા ॥**

પરાધીન-પરવશ-પરતંત્ર રહેવું એનો જન્મ વૃથા છે અર્થાત એ જીવન જીવવાનો કોઇ અર્થ નથી એમાં કોઇ રસ-મજા રહેતી નથી સતત ડર અને ભયભીત જીવન જીવવું પડે છે.

પરસ્ત્રીમાં સ્નેહ પણ વૃથા છે એમાં સુખ શાંતિ પ્રાપ્ત થતી નથી વાસના ભુક્તિ પૂર્ણ થતાં 'તું કોણ - હું કોણ' ની ભાવના જન્મે છે કારણ કે એમાં સાચો-હૃદયનો પ્રેમ હોતો નથી પણ ક્ષણિક સ્વાર્થ અને આસક્તિનું જ જોડાણ હોય છે.

પરગૃહે રહેલી લક્ષ્મી ધન-સમૃદ્ધ પણ વૃથા છે. ભલે એમાં ધનિકો ઉદાર જીલે એમ કહ્યા કરતા હોય કે 'આ બધું તમારું જ છે' પણ જયારે જરૂર પડે, યાચના કરવામાં આવે ત્યારે તેમની ઉદારતા થોથવાય છે.

..અને ઘરમાં ગમે તેટલી વિશાળ, અસંખ્ય મૂલ્યવાન પુસ્તકોની સજ્જ 'લાયબ્રેરી' હોય પણ એમાંથી કંઇ 'અક્ષર' પણ આંખે ન પડ્યો હોય તો એ શું કામની?

## સુવિચાર

- ભલાઇ-પ્રેમ રબ્બર તણા દડા સમ કહેવાય.. એ વેગે પાછા ફરે જે વેગે ફેંકાય - ગૌરાંગ ઠાકર
- જયારે આપણે ભૂલો કરીએ છીએ ત્યારે તે પીડાદાયી હોય છે, પણ સમયના વહેણ સાથે થતો ભૂલોનો સરવાળો અનુભવ બને છે, જે તમને સફળતા તરફ દોરી જાય છે - એસ. ભટ્ટાચાર્ય
- કોઇ માણસ ફૂલ જોઇને હરખાય નહીં કે ઝરણાનો નાદ સાંભળી ઘાયલ થાય નહીં કે પંખીના કલરવમાં તલ્લીન ન થાય એ માણસ શ્વાસ લે છે પણ જીવતો નથી- સુરેશ દલાલ
- જે જીવનથી જોડાયેલું છે એ સાહિત્ય સુંદર છે અને જે અક્ષરને માટીની ગંધ નથી હોતી તે અક્ષર નથી બની શકતો - મહાશ્વેતા દેવી
- થોડા સુખના, થોડા દુઃખના મણકા એક જ ધાગે - ગિરાબેન ભટ્ટ
- મારા ખભા ઉપર પરંપરાથી એટલા દેવદેવીઓ બેઠા છે કે ઉતરે તો હું મારો ઇશ્વર શોધી કાઢું - સુરેશ જોશી
- ધન આપવાની ઇચ્છા માત્રથી જ ભગવાન ધનનાં ભંડાર ભરી દે છે - સંતરામ

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આપણા 'સચિવાલય'ના હાલી નિકળેલા સાહેબો પ્રાથમિક શાળાની ગુણવત્તાની ટીકા કરે છે પણ પોતાના છોરાં વિદેશ કે અંગ્રેજી મિડિયમની ખાનગી શાળામાં જ મોકલે છે. બધા સાહેબો જો પોતાનાં છોરા પણ સરકારી પ્રાથમિક શાળામાં મોકલે તો 'ગુણોત્સવ'ની જરૂર જ ઊભી ન થાય! આવા સાહેબોને સરકારી પ્રા.શા.માં પગ મૂકવાનો અધિકાર જ નથી..

મિ. વોલ્મેર - 'બ્લૂબેરી આઇસ્ક્રીમ' (અમેરિકા)માં મેનેજર હતા. શિક્ષણ સંસ્થાઓ તેને મેનેજમેન્ટ - અને ગુણવત્તા સુધારવાના ભાષણ આપવા બોલાવતી.

એક સરકારી પ્રા. શા.માં સુધારણા માટે ભાષણ આપવા ગયા. અને મંડ્યા બણગા ફૂંકવા - અમે બધું ચકાસી-ચકાસી ઉત્તમ ખરીદી કરીએ - ખરાબ વસ્તુ રિજેક્ટ કરી દઇએ. એટલે જ અમારી ઉત્તમ આઇસ્ક્રીમ થાય છે. આવી ઉત્તમતા જાળવીની અનેક વાત કરી કહ્યું આજે સરકારી શિક્ષણ તદ્દન ખાડે ગયું છે શિક્ષકો બોગસ-આળશુ છે.

એક નિવૃત્તિને આરે આવેલી વૃદ્ધ શિક્ષિકા ઊભી થઇ કહ્યું. સાહેબ અમારી શાળામાં પ્રધાનોની ભલામણ વાળા શિક્ષકો આવે છે, અમારી શાળામાં ગરીબ, ઝૂંપડપટ્ટીના - ગરીબ-ટકા વિનાનાં બાળકોને ભરતી આપીએ છીએ અમને બાળકો-શિક્ષકોની પસંદગીની છૂટ નથી શાળા સાધન સંપન્ન નથી. અમારી શાળા ગરીબ છે અમે ફેક્ટરી-ધંધો નથી ચલાવતા- આવાં બાળકોને શિક્ષિત કરીએ છીએ.

Email - sureshchandrabhatt18@gmail.com

# શિક્ષણ મનુષ્યની આંતરિક શક્તિઓનો સર્વાંગીણ અર્થાત શરીર, મન, બુદ્ધિ અને આત્માનો વિકાસ છે

## ભારતીય જીવન દર્શન અને શિક્ષણ દર્શન

- હર્ષદ પ્ર. શાહ

આ અગાઉ આ લેખમાં 'શિક્ષણમાં ભારતીયતાનો આર્વિભાવ' એ વિષય પર મેં ચર્ચા કરી હતી. એ વઇષય એટલો તો વ્યાપક છે કે એક લેખમાં એને સમાવી લેવો અને વ્યક્ત કરવો સંભવ નથી. તેથી આ લેખમાં ફરી એ જ વિષયની વણસ્પર્શી વાતોને ક્ષિતિજોને સ્પર્શ કરવાનો યત્ન કરું.

'ભારતીય શિક્ષણનાં મૂળ તત્વો' માં પ્રખર શિક્ષણિદ અને ચિંતક લજ્જારામ તોમર ભારતીય શિક્ષણની ભૂમિકા સર્જતાં આરંભમાં જ કહે છે, 'શિક્ષણ મનુષ્યજીવનના પરિષ્કાર અને વિકાસની પ્રણાલી છે. જીવનના પ્રત્યેક અનુભવને શિક્ષણ કહી શકાય. વાસ્તવિક રીતે સમસ્ત માનવજીવન જ શિક્ષણ છે અને શિક્ષણ જ જીવન છે. જે કોઇ વ્યવહાર મનુષ્યના જ્ઞાનની પરિધિને વિસ્તૃત બનાવે, એની અંતર્દષ્ટિને ગહેરાઇ આપે, એની પ્રતિક્રિયાઓનો પરિષ્કાર કરે, ભાવનાઓ અને ક્રિયાઓને ઉત્તેજિત કરે અથવા કોઇને કોઇ સ્વરૂપે એને પ્રભાવિત કરે તે શિક્ષણ જ છે. શિક્ષણશાસ્ત્રમાં વ્યક્તિત્વના સંતુલિત અને સંપૂર્ણ વિકાસને શિક્ષણનું લક્ષ્મ માનવામાં આવ્યું છે. શિક્ષણ મનુષ્યની આંતરિક શક્તિઓનો સર્વાંગીણ અર્થાત શરીર, મન, બુદ્ધિ અને આત્માનો વિકાસ છે.'

શિક્ષણની આવી ભારતીય સંકલ્પનામાં મનુષ્યના ઉદાત્ત વ્યક્તિત્વની કલ્પના કરવામાં આવી છે, એની અંતદૃષ્ટિના ઊંડાણની ચર્ચા કરવામાં આવી છે, એના વિચાર - વાણી - વર્તનના સંતુલનની વાત કરવામાં આવી છે.

લજ્જારામજી તોમર પોતાના ઉપરોક્ત પુસ્તકમાં 'શિક્ષણ અને દર્શન' ની ચર્ચા કરતાં કહે છે -

"ભારતીય વ્યાખ્યાન અનુસાર -"

'દૃશ્યતે યથાર્થતત્ત્વમનેન' અર્થાત જેના દ્વારા યથાર્થ તત્વનું અથવા સ્વરૂપનું જ્ઞાન થાય છે તેને દર્શન કહે છે. જોન ડયૂઇએ દર્શનની વ્યાખ્યા કરતાં કહ્યુ છે કે, 'જયારે સમજી વિચારીને નિશ્ચિત સ્વરૂપે કોઇક વિષયનાં બધાં પાસાં વિશે સચેતનની સમીક્ષાત્મક પ્રક્રિયા થાય છે તે દર્શન છે.' વિશ્વમાં જેટલી માનવ પ્રવૃત્તિઓ છે તેમનો આધાર કોઇ ને કોઇ દાર્શનિક સિદ્ધાંત છે. જે સાર્વભૌમ સૈદ્ધાંતિક આધાર પર કોઇ કાર્યનાં ઉદ્દેશ્ય, પદ્ધતિ, પ્રણાલી, કાર્યક્રમ વગેરેનું સંયોજન થાય છે તે આધારને જ દર્શન કહેવામાં આવે છે. ટૂંકમાં જીવનનાં ચિંતન પક્ષને દર્શન કહે છે.

જે રીતે માનવજીવનનો દાર્શનિક પક્ષ હોય છે, તે રીતે શિક્ષણનો પણ અત્યંત મહત્વપૂર્ણ દાર્શનિક આધાર છે અને એ દાર્શનિક આધાર પર ઉપર જુદા જુદા દેશોમાં શિક્ષણના ઉદ્દેશ્ય, તેની પદ્ધતિ અને તેના આયોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. ફ્લિટે અને ડ્યૂઇના દાર્શનિક પક્ષોનો સમન્વય કરતાં રોસ કહે છે, "દર્શન અને શિક્ષણમાં કઇ તફાવત નથી. તે બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. બધી જ બાબતોનો તર્કપૂર્ણ, વિધિવત, સુનિયોજિત રીતે વિચાર કરવાની પ્રક્રિયાને દર્શન કહે છે. તેથી શિક્ષણ વિશે પણ તર્કપૂર્ણ, વિધિવત્, સુનિયોજિત રીતે વિચાર કરવા માટે શિક્ષણનું દર્શન પણ આવશ્યક છે." એડમ્સના મતે, "શિક્ષણ દર્શનશાસ્ત્રનું ગત્યાત્મક પાસું છે, તેથી પ્રત્યેક દાર્શનિક વિચાર અનુસાર શિક્ષણનાં ક્ષેત્રમાં પરિવર્તન પણ આવશ્યક છે."

વેદાંત-દર્શન અનુસાર શિક્ષણનો ઉદ્દેશ્ય - સાક્ષાત્કાર છે. અધ્યાત્મોપનિષદમાં કહેવાયું છે કે - એકમેવાદ્વિતીયં નેહ નાનાસ્તિ કિંચન । અર્થાત આ વિશ્વમાં એક જ સત્તા છે, અનેકની સત્તા નથી. અનેકતામાં એકતાનું દર્શન કરવાનું લક્ષ્ય હોવું જોઇએ અને ધીમે ધીમે પ્રત્યેક બાળકનો દૃષ્ટિકોણ આ રીતે વિકસિત કરવો જોઇએ, કે વિશ્વનું વૈવિધ્ય એ માયા છે અને એકત્વ જ સત્ય છે. બ્રહ્મતત્ત્વ જ વાસ્તવિક છે. જીવન અને બ્રહ્મમાં ભેદ નથી. જીવ સર્વજ્ઞ, સર્વવ્યાપી અને અને સર્વશક્તિમાન છે. અવિદ્યાને કારણે આપણે એ સર્વજ્ઞ, સર્વવ્યાપી અને સર્વશક્તિમાન છે. અવિદ્યાને કારણે આપણે એ સર્વજ્ઞ સત્તાને ઓળખી નથી શકતા. બ્રહ્મને જાણવું એ જ આપણા શિક્ષણનું લક્ષ્ય હોવું જોઇએ.

આ સંદર્ભે આપણી, વર્તમાન જગતની વાસ્તવિકતા જોઇએ તો એકતા (Unity) અને એકરૂપતા (Uniformily) ની ચારેબાજુ બોલબાલા છે. એમાંથી જ UNiform નો જન્મ થયો અને ગણવેશના કાપડનો વેપાર શિક્ષણ સંસ્થાઓએ શરૂ કર્યો. વાસ્તવમાં આરાધના તો થવી જોઇતી હતી એકાત્મતા (Integrity) ની. પણ શિક્ષણ નીતિ અને વ્યવસ્થાના ઘડવૈયાઓને એ ન સમજાયું... અને એટલે શિક્ષણ સાથે 'ભૌતિકતા'નો સંબંધ 'આધ્યાત્મિકતા'ની તુલનામાં પ્રગાઢ થતો ગયો. શિક્ષણના ક્ષેત્રે આ બહુ મોટું સ્ખલન છે.

મુંડકોપનિષદ (૩/૨/૯) માં કહેવામાં આવ્યું છે - 'બ્રહ્મવિદઃ બ્રહ્મૈવ ભવતિ ।' અર્થાત્ બ્રહ્મને જાણવાવાળો જ બ્રહ્મ થઇ શકે છે. જીવ અને શિવ - જીવ અને બ્રહ્મ જયારે એક થઇ જાય ત્યારે મુક્તિની અવસ્થા અનુભવાય છે. વેદાંત એને પરમ પુરુષાર્થ 'મોક્ષ' તરીકે ઓળખાવે છે. સાચું કહીએ તો મુક્તિ કયાંયથી મળતી નથી, એ તો અવિદ્યાના નાશથી સહજ પ્રાપ્ત છે.

શિક્ષણમાં આપણે વારંવાર અને એનો સાચો અર્થ સમજ્યા વિના જે સૂત્રનો ઉપયોગ કરીએ છીએ - સા વિદ્યા યા વિમુક્તયે - એને કેટલી સરળતાથી ઉપર સમજાવી દીધું છે! ભોગવાદિતા અને ષડરિપુની માયામાંથી મુક્ત કરે એવા શિક્ષણની સંરચના કરવાને બદલે એને કારકિર્દી, સ્વકેન્દ્રિતા અને અર્થકારણ સાથે જોડી દીધું. રાહ જ બદલાઇ ગયો. શિક્ષણની સાચી દિશા નહીં પકડાય તો અપેક્ષિત મનુષ્યોની રચના કે નિર્મિતી પણ નહીં થાય.

વેદાન્ત દર્શનનું એકમાત્ર લક્ષ્ય વિદ્યાર્થીને અજ્ઞાનથી મુકત કરી સત્ય અર્થાત્ જ્ઞાનની પ્રતીતિ કરાવવાનું છે જેથી તે વિદ્યા-અવિદ્યાનો ભેદ વિવેકપૂર્વક સમજી શકે, સત્ય અને મિથ્યા વચ્ચેનું અંતર સમજી શકે અને પોતાનામાં નિહિત અનંત જ્ઞાન અને અનંત શક્તિને પારખી શકે.

ભારતીય સંસ્કૃતિની મોટામાં મોટી વિશેષતા છે. જ્ઞાનપ્રાપ્તિની જિજ્ઞાસા અને બુદ્ધિનિષ્ઠા. ભારતીય સંસ્કૃતિમાં બુદ્ધિને જ ધર્મ-સંસ્કૃતિનું નિર્ણાયક પરિબળ માનવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો મૂળ આધાર વેદ છે. વેદ એટલે જ્ઞાન અને બુદ્ધિની સાધનાનું પરિણામ. જ્ઞાન બુદ્ધિની દેન છે. શાસ્ત્રકારોએ બુદ્ધિને સર્વોપરી બતાવી છે -

'બુદ્ધિર્યસ્ય બલં તસ્ય નિર્બુદ્ધેસ્તુ કુતો બલમ્ ।'

વળી જ્ઞાનની તુલનામાં સંસારમાં બીજી કોઇ સિદ્ધિ નથી. 'જ્ઞાનેન તુલ્યો નિધિજ્ઞાસ્તિ નાન્યતે ।'

ઋગ્વેદમાં જ્ઞાનપ્રાપ્તિની અવસ્થાઓનો ઉલ્લેખ છે -

(૧) સંવેગાત્મક પ્રત્યક્ષણ (Sensory) Perception)
(૨) પ્રમાણીકરણ (Testimony)
(૩) તર્ક (Reasoning)
(૪) અન્તદૃષ્ટિ (Insight)

આ અન્તદૃષ્ટિ જ્ઞાનનો સર્વોચ્ચ સ્તર છે.

જગતના અનેક શિક્ષણવિદોએ શિક્ષણ - તત્ત્વ અને શિક્ષણ પ્રક્રિયાને જે રીતે વ્યાખ્યાયિત કર્યા છે એ બધાંનો સમન્વય ભારતીય શિક્ષણદર્શનમાં જોવા મળે છે. જગતભરના શિક્ષણવિદોએ શિક્ષણને કોઇ એક ખૂણેથી - ખંડખંડમાં અથવા પરિસ્થિતિ સાપેક્ષ વ્યાખ્યાયિત કર્યું પણ એ બધાનું સમન્વિત અને પરિપૂર્ણ ચિંતન ભારતીય શિક્ષણદર્શનમાં વ્યક્ત થયું છે.

- ભારતનું જીવન દર્શન શું કહે છે -
- નર નારાયણ અને નારી નારાયણી બની શકે પોતાની ઉત્તમ કરણીથી.
- જીવન ચાર પુરુષાર્થો - ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ઉપાસના છે.
- જીવનનું લક્ષ્ય પરમાત્માની પ્રાપ્તિ, પરમ તત્ત્વનો સાક્ષાત્કાર છે.
- ધર્મમય જીવન શાશ્વત સુખ અને પરમાનંદનો માર્ગ મોકળો કરી શકે છે.

- ભારતીય શિક્ષણદર્શન કહે છે - શિક્ષણ એ જ સાચું -
- જે મુક્તિ અપાવે,
- દોષો અને વાસનાઓથી મુક્તિ અપાવે.
- મનુષ્યને પંચકોશીય સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે.
- 'સ્વ'ની ઓળખ કરાવે.
- સ્થૂળમાંથી સૂક્ષ્મ તરફ દોરી જાય.
- જીવ, જગત અને જગદીશનો બોધ કરાવે.
- સહ અસ્તિત્વ અને સહિષ્ણુતાની ભાવના વિકસાવે.

(ક્રમશઃ)

# ઉત્તરાયણ આપે છે સ્નેહ અને સંપનો સંદેશ...

વેદમાં એક મંત્ર છે :

મિત્રસ્થ મા ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષન્તામ્ ।
મિત્રસ્વાહં ચક્ષુષા સર્વાણી ભૂતાનિ સમીક્ષે ।
મિત્રસ્ય ચક્ષુષા સમીક્ષા મહે ।

આનો અર્થ છે બધાં પ્રાણીઓ મારા તરફ અવેરથી-સ્નેહભાવથી જુએ, હું બધાં તરફ સ્નેહથી જોઉં છું. આપણે બધા સ્નેહની દષ્ટિએ જોઈએ.

આ સ્નેહ અને અવેરનો સંદેશો ઉત્તરાયણનો પવિત્ર તહેવાર આપે છે. ઉત્તરાયણને મકરસંક્રાતિ પણ કહેવામાં આવે છે. કારણ કે પોષ મહિનામાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે. મકરસંક્રાતિ એટલે દિવસનો રાત્રિ પરનો વિજય, તડકાનો ટાઠ પરનો વિજય છે. આથી આ તહેવાર વિજયનો ઉત્સવ પણ છે.

જેમ પૂજય અને મહાન માનવીઓની માનવજીવન પર છાપ પડે છે, તેમ કુદરતી ઘટનાઓની પણ માનવજીવન પર છાપ પડે છે. તેની અસર માનવીના શરીર ઉપર જ નહીં મન, રહેણીકરણી તેમ જ આદર્શ સામાજીક જીવન ઉપર પણ થાય છે. જે કુદરત સાથેનું અનુબંધન જાળવી રાખે છે.



આમ જોઈએ તો મકરસંક્રાતિ એ કુદરતનો ઉત્સવ છે. આ દિવસથી સૂર્યનો રાહ દક્ષિણ દિશામાંથી ઉત્તર દિશામાં બદલાય છે. સૂર્ય પૃથ્વીની આસપાસની પરિભ્રમણની દિશા બદલે છે. તેથી દિવસ લાંબો અને રાત ટૂંકી થતી જાય છે. કુદરતનો આ સમયાધીન બદલાવ માનવજીવન પર અસર કરે છે.

દક્ષિણ દિશાના બંધનમાંથી સૂર્યની મુકિતનો આનંદ તે મકરસંક્રાંત. પ્રકાશનો અંધકાર પર વિજય, માનવજીવન પણ અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, જડતા, કુસંપ, કુસંસ્કાર, કુવિચાર જેવા અંધકારમાં સપડાયેલું છે. તેમાંથી માનવીને બહાર નીકળી જ્ઞાન, શ્રદ્ધા, સંપ-સહાકાર, ઉચ્ચ સંસ્કાર, સુવિચારના આદર્શોના અજવાળામાં આવવાનો સંદેશ મકરસંક્રાત આપે છે.

મકરસંક્રાંત આપણા દેશમાં વિવિધ રીતે ઉજવાય છે. આ દિવસે ગંગા, જમના અને સરસ્વતીના પવિત્ર સંગમ પ્રયાગમાં સ્નાન કરવાનું મહત્ત્વ છે. આ પ્રયાગનું સ્નાન એ નિર્ભયતા, સહકાર અને દઢતાની દીક્ષા આપે છે. પ્રયાગમાં ત્રણ નદીઓના સંગમથી કેવી વિશાળતા મળે છે. જે જોઈ હ્દય પુલકિત થાય છે. તેમ સહકારમાં માનવીઓની વિચારધારા મળે અને જે વિકાસની વિશાળતા મળે છે તેનાથી અનેક મુશ્કેલીઓનો સામનો કરી શકાય છે. સહકારથી પણ નિર્ભયતા અને દઢતાની દીક્ષા મળે છે. મકરસંક્રાંતિમાં ક્રાંતિ શબ્દ છે. ક્રાંતિ શબ્દમાં પરિવર્તન રહેલું છે. ક્રાંતિમાં હિંસા પણ થાય છે. તેથી સંક્રાંતિ શબ્દ છે. સંક્રાંતિ એટલે સમજદારી સાથેની ક્રાંતિ. જેમાંથી અહિંસા એટલે કંઈ દુર્બળ વ્યકિત, પ્રજા કે રાષ્ટ્રની નહીં, પણ સમર્થની અહિંસાનો વિધાયક અર્થ પણ આમાંથી નીકળે છે. કારણ કે સામર્થ્યવાન જ શાંતિથી રહી શકે છે. આથી માનવીએ આ દિવસે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરના વિકારોમાંથી છૂટવાની ક્રાંતિ કરવાની છે. ઉપરાંત માનવી સમૂહમાં રહે છે. તેથી મતભેદ થતા રહેવાના. આ દિવસે મતભેદ મિટાવી સ્નેહ અને સહકારની મીઠાશ ફેલાવાની છે. તેથી આ દિવસે તલ-ગોળના લાડુ કે તલ અને ગોળ આપવાની પ્રથા આપણે ત્યાં પડી છે. તલમાં સ્નેહ છે. ગોળમાં મીઠાશ છે. તેમાં બધા સાથે પ્રેમ અને મીઠાશ રહે તેવા સંકલ્પની ભાવના છુપાયેલી છે.

તલ અને ગોળ આપવાની પ્રથા પાછળ આયુર્વેદિક કારણ પણ છે. શિયાળાની સખત ઠંડીમાં શરીરનું અંગેઅંગે જકડાઈ ગયું હોય છે. લોહીનું ભ્રમણ મંદ થવાની સંભાવના રહે, ઠંડીને કારણે શરીર રૂક્ષ થાય છે. આથી સ્નિગ્ધતાની જરૂર પડે છે. તલમાં સ્નિગ્ધાતાનો ગુણ છે. તેથી તલ આદર્શ ખોરાક પૂરો પાડે છે. ઉપરાંત આ દિવસોમાં ખેતરમાંથી તલનો પાક ઘરે આવ્યો હોય છે. તેથી તલ અને ગોળ, પ્રેમ અને મીઠાશ વહેંચવાની પ્રથા પડી હશે.

આ દિવસે પતંગ ચગાવવાની પ્રથા પણ શરૂ થઈ છે. તેની પાછળનું કારણ છે. સૂર્યસ્નાન પતંગ ચગાવવા ખુલ્લા મેદાન કે છત પર ચડવું પડે છે. તેથી ફરજિયાત સૂર્યસ્નાન કરવું પડે છે. સૂર્યસ્નાન આયુર્વેદિક રીતે ઘણું મહત્ત્વ છે. આ ઉપરાંત પતંગ સાથે માનવજીવનને જોડી શકાય. મજબૂત દોરી વડે પતંગ આકાશમાં મરત બનીને ચગે છે. તેમ જીવન રૂપી પતંગને વિશ્વાસના દોર વડે ચગાવવાનો છે. જેને પોતાનામાં વિશ્વાસ નથી તેનું જીવન બેકાર છે. તેને ઈશ્વર પરનો વિશ્વાસ પણ નકામો છે.

માનવીએ આ દિવસે પોતાના જીવનનું અંતઃનિરીક્ષણ કરી જીવનપદ્ધતિમાં કયા પ્રકારના સુધારા, બદલાવ, ઉન્નતતા, પ્રકાશ લાવવા શું કરવું જરૂરી છે તેનું ચિંતન કરવાનું છે. જીવનનો નવો રાહ શરૂ કરવાનો શુભ સંકલ્પ કરવાનો છે. સમાજ અને કુટુંબઘડતર માટે કુશળતાપૂર્વક લાંબી દષ્ટિ આ વિચારધારામાં નિર્દિષ્ટ થાય છે. તલ અને ગોળની મીઠાશ વહેંચી દેશમાં એકબીજા પ્રત્યે નફરત, દ્વેષ ઓછો કરી, જૂના અપરાધોની ક્ષમા આપી હદયથી તેનો સ્વીકાર કરવાનો છે. તો જ દેશનું ગૌરવ સૂર્યની જેમ વધશે.

આમ, ઉત્તરાયણનો સ્નેહ, મીઠાશ, સૂર્યપ્રકાશ, વિશ્વાસ, નિર્ભયતા, ભકિત અને દઢતાનો સંદેશો ઝીલી જીવનનું ઘડતર કરીએ.

-ડૉ. કિશોર સાધુ
સંપાદક : સહકાર, ગ્રામસ્વરાજ
ગુજરાત રાજય સહકારી સંઘ, અમદાવાદ

# વંશીય ટીપ્પણી કરવા બદલ પાંચ વર્ષની કેદની જોગવાઈ (આઈપીસી કલમ-૧૫૩ માં તથા ૫૦૯ માં નવો સુધારો)

કેન્દ્ર સરકારે તાજેતરમાં પૂર્વાત્તરના લોકોની સુરક્ષા તથા સામાજીક દરજ્જા અંગે સમિતિની રચના કરેલ છે જેની ભલામણ મુજબ હવેથી પૂર્વત્તરના લોકોની જાતીય તથા વંશીય ટીપ્પણી કરવા તેમજ સંસ્કૃતિ અથવા શારિરીક ભૂગોળ સાથે જોડાયેલ ટીકા-ટીપ્પણી કરવા બદલ પાંચ વર્ષની કેદની જોગવાઈની ભલામણને કેન્દ્ર સરકારે મંજુર કરેલ છે.

આઈપીસીમાં સુધારો કરી આ વર્ગના લોકો વિરૂધ્ધ ટીપ્પણીને અપરાધની શ્રેણીમાં મુકવામાં આવેલ છે બેજરૂઆ સમિતિની ભલામણોનો કેન્દ્ર સરકારે સ્વીકાર કરી ઈન્ડીયન પીનલ કોડમાં સુધારો કરવામાં આવશે.

વંશીય ટીપ્પણીને અપરાધની શ્રેણીમાં લાવવા માટે ભારતીય દંડ સંહિતાની બે ધારામાં સુધારો કરવામાં આવશે કાયદા મંત્રાલયે તાજેતરમાં બેજરૂઆ કમિટીની ભલામણોને મંજુર કરી છે.

તાજેતરમાં દિલ્હીમાં અરૂણાચલ પ્રદેશના ૧૯ વર્ષીય યુવક ઉપર હુમલો થયેલો જેમા યુવક જાડોનું મોત નિપજેલ આથી સરકારે પૂર્વોત્તર પરિષદના સભ્ય એવા એમ.પી. બેજરૂઆની અધ્યક્ષતામાં વંશીય ટીપ્પણી રોકવા તથા વંશીય ગુન્હાઓ ઉપર રોક લાવવા સમિતીની નિમણુંક કરેલ પૂર્વોત્તરના લોકોને આમ જનતા મોમો, ચીકી, ચાઈનીઝ, ચીચીચ ચુચુ એવા શબ્દોથી બોલાવતા હતા જે તેમની જાતીનું અપમાન ગણાતુ હતુ હવેથી આવા પૂર્વોત્તરના લોકોને આવા શબ્દોથી બોલાવવા તથા તેવા શબ્દોની વંશીય સંસ્કૃતિની ઓળખ, અભદ્ર ટીપ્પણીઓને સાબીત કરવામાં આવતા દંડનીય તથા પાંચ વર્ષની સજાની જોગવાઈઓનો કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે અને બેજરૂઆ સમિતીની માંગણી સ્વીકારી છે.

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



આઈપીસીની કલમ ૧૫૩ માં સુધારો કરી તેમાં ૧૫૩(સી) અને કલમ ૫૦૯ ની સામે ૫૦૯(એ) જોડવાની ભલામણ પણ બેજરૂઆ સમિતીએ તેના રીપોર્ટમાં કરેલ જેનો સરકારે માન્ય રાખી હવેથી પૂર્વોત્તરના લોકોની વંશીય કે જાતિય ટીક્કા, ટીપ્પણી સાબીત થવાથી પાંચ વર્ષની જેલની જોગવાઈ માન્ય કરેલ છે.

જાતિય, વંશીય ટીક્કા-ટીપ્પણીના કેસો ચલાવવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટને સોંપવામાં આવશે અને તાત્કાલિક આવા કેસોના નિર્ણય થાય તેવી જોગવાઈ કરવામાં આવશે સાથે સાથે પૂર્વોત્તર લોકોની સહાયતા માટે સરકાર હેલ્પલાઈન નંબર ૧૦૯૩ અને ૧૦૦ નંબરની સુવિધા પણ અમલમાં મુકશે કેન્દ્ર સરકારે અન્ય સભ્યોને પણ આવી હેલ્પલાઈન શરૂ કરવા માટે આદેશ જારી કરેલ છે સાથો સાથ પોલીસ વિભાગમાં પણ પૂર્વોત્તરના લોકોની ભરતી થાય તે માટે નિયમોમાં ફેરફાર કરવાની બેજરૂઆ સમિતીની ભલામણનો પણ કેન્દ્ર સરકારે સ્વીકાર કરેલ છે.

શાળા, કોલેજોમાં પૂર્વોત્તરના બાળકોની વિશેષ સતામણી, રેગીંગ કરવામાં આવે છે તાજેતરમાં આવા કોલેજ રેગીંગના કારણે વંશીય ટીકા-ટીપ્પણી એ ઉસ્કેરણીજનક વાતાવરણ પેદા કરતા ફેબ્રુઆરી-૨૦૧૪ માં નીડો તાનિયા નામના ૧૯ વર્ષીય યુવક ઉપર હિંસક હુમલાના પરિણામ સ્વરૂપ યુવકનું મોત નિપજતા પૂર્વોત્તર લોકોનો વિરોધ જાહેરમાં આવતા સરકારે એમ.પી. બેજરૂઆના અધ્યક્ષતામાં પૂર્વોત્તરના લોકોની સહાય, સુરક્ષા માટે નિયમો તથા કાયદામાં સુધારો કરવા માટે એક સમિતીની નિમણુંક કરેલ જેમા રીપોર્ટના આધારે કેન્દ્ર સરકારના કાયદા વિભાગે બેજરૂઆ સમિતીનો રીપોર્ટ માન્ય રાખી ભલામણો સ્વીકારી આઈપીસીની કલમ ૧૫૩ માં સુધારો કરી તેમાં ૧૫૩(સી)નો ઉમેરો કરેલ તથા કલમ ૫૦૯માં સુધારો કરી ૫૦૯(એ) નો ઉમેરો કરવામાં આવેલ છે. આ મુજબનો ગુન્હો સાબીત થતા વંશીય ટીકા-ટીપ્પણી કરવા બદલ હવે પાંચ વર્ષની જેલની સજા થઈ શકે છે.